**ક્રિમીનલ કેસ નં.૧૩૪૧/૧૬**

**:: આંક–૪૦ લગત હુકમ ::**

**(૧)** આ કામે આરોપી યુસુફ ઉર્ફે સુબો આદમ ભુરા પટેલ નાઓએ ભરુચ જીલ્લામાં પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવતી જામીનના હુકમની શરત રદ કરવા બાબતેની હાલની આ અરજી આપેલ છે. આરોપી તર્ફેની સદરહું અરજીને વંચાણે લ ેવામાં આવેલ છે.

**(૨)** અરજી સંદર્ભે ફરીયાદી તર્ફે આંક–૪૪ થી આરોપીની આંક–૪૦ ની અરજી વિરુઘ્ધ લેખીત જવાબ તેમજ દલીલો રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

**(૩)** ત્યાર બાદ આરોપી તર્ફે વિ.વ.શ્રી બી.આર.ચોકસી નાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, ટ્રાયલ પુર્ણ થતા ઘણો સમય થાય તેમ છે., ગુનો દસ્તાવેજી પુરાવાઓ પર આધાર રાખે છે, ચાર્જસીટ થઈ ગયેલ છે અને ફરીયાદીની ચીફ થઈ ગયેલ છે, આરોપીએ શરતોનો કોઈ ભંગ કરેલ નથી. જો શરતમાં ફેરફાર કરવામાં આવે તો ટ્રાયલને અસર થાય તેમ નથી, ખેતીની જમીન છે જેના આધાર રજુ છે. આરોપીના પત્ની બીમાર છે તેના આધાર રજુ કરેલ છે અને કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેઓની છે. અમારી સારવાર ભરુચ મુકામે ચાલતી હોય જેથી અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**(૪)** ત્યાર બાદ ફરીયાદી તર્ફે મૌખિકમાં એવી રજુઆત છે કે, આરોપી તર્ફે બીમારી અંગેના જે પુરાવા રજુ કરવામાં આવેલ છે તે બે વર્ષ પહેલાના છે, બીમારી હાલમાં ચાલુ છે તે રેકર્ડ પર લાવેલ નથી. તેઓનો એક પુત્ર વિદેશમાં રહે છે તે વેલશેટ છે. જેથી કુંટુંબની જવાબદારી તેઓના શીરે નથી, સર્વે નં.૧૦૦૭ વાળી ખેતીના ઉતારા પણ એક વર્ષ જુના રજુ કરેલા છે અને જે તે સમયે પાવર ઓફ

એટર્નીને આધારે વેચાણ કરેલ છે. સર્વે નં.૧૪૭ વાળી જમીન ૨૦૧૦ માં સંપાદન થઈ ગયેલ છે અને કબજો જી.આઈ.ડી.સી. નો છે તેના પૈસા આરોપીને મળી ગયેલ છે, આમ આરોપી ખોટા દસ્તાવેજો રજુ કરી નામદાર કોર્ટને ગેર માર્ગે દોરેલ હોય અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

**(૫)** ઉપર મુજબની ઉભય પક્ષની રજુઆત ઘ્યાને લીધી, આ કામનું સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. આરોપી તર્ફે તેઓની અરજીના સંમર્થનમાં આંક–૪૧ ના પુરાવા લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. ફરીયાદી તર્ફે તેઓના જવાબના સમર્થનમાં આંક–૪૫ થી રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવેલ છે. આરોપીએ હાલની તેઓની અરજીના પેરા નં.૩ માં તેઓ છેલ્લા દોઢ વર્ષથી હાઈ બ્લડ પ્રેસરની બીમારીથી પીડાતા રહયા છે અને કેસ નોધાતા પહેલાથી તેઓની સારવાર ભરુચના ડો.માલજીવાલા પાસે ચાલતી હોય તેમજ અટક થયા બાદ વાગરા આરોગ્ય કેન્દ્ર અને જેલમાં હતા તે દરમ્યાન ભરુચ સીવીલ હોસ્પિટલમાં સારવાર કરાવતા આવેલ છે તેવી હકીકત જણાવેલ છે. પરંતુ આંક–૪૧ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા આરોપી પોતે બ્લડ પ્રેસરથી પીડાતા હોય તે બતાવવા એકપણ દસ્તાવેજી આધાર પુરાવો રજુ રાખેલ ના હોય જેથી આરોપીની સદર રજુઆત માની શકાય તેમ નથી. વધુમાં આરોપી જે પ્રકારની બીમારી હોવાનું બતાવે છે તેની સારવાર ભરુચ જીલ્લા બહાર પણ મેળવી શકે તેમ છે. તે સંજોગોમાં આરોપીની સદરહું રજુઆતને માની શકાય તેમ નથી. વધુમાં આરોપી તેઓની અરજીના પેરા નં.૪ માં તેઓની પત્નીને કીડનીમાં પથરીની તકલીફ છે તે બાબતે તેણીની સારવાર કરવા નાણાની વ્યવસ્થા કરવાની હોય અને તેઓની સાથે સતત રહેવુ પડે તેમ છે, તેમ જણાવે છે. પરંતુ તે સંદર્ભે આરોપી તર્ફે આંક–૪૧ થી રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરેલ સારવાર સર્ટી. વંચાણે લેતા તે તમામ તા.૨૧/૩/૧૬, તા.૧૬/૭/૧૬ ના રોજના હોવાનું જણાય છે એટલે કે આશરે બે વર્ષ

પહેલાના હોવાનું જણાય છે. વધુમાં હાલમાં તેઓની પત્નીને કોઈ સારવાર કરાવેલ હોય તે સંદર્ભે કોઈ આધાર પુરાવો આરોપી તર્ફે રજુ રાખેલ નથી. વધુમાં ડો.શ્રીએ તેઓની પત્નીને સતત બેડરેસ્ટ માટે સલાહ આપેલ હોય કે તેઓની સાથે સતત કોઈ વ્યકિતએ રહેવુ તેવી સલાહ આપેલ હોય તેવો કોઈ આધાર પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં કહેવાતી પથરીની બીમારી ગંભીર પ્રકારની બીમારી નથી તે સંજોગોમાં આરોપીની સદરહું રજુઆતને પણ ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં આરોપી તેઓની અરજીના પેરા નં.પ માં તેઓના કુંટુંબના સભ્યોની જવાબદારી તેઓના શીરે છે, કમાવનાર એક માત્ર વ્યકિત છે, અને મોજે જુનેદ, તા.વાગરા મુકામે ખેતી કામ કરી ગુજરાન ચલાવતા હોય તેઓને ભરુચ જીલ્લામાં પ્ર વેશવા દેવામાં ન આવે તો ખેતી કામ ન કરી શકે તેને પરીણામે ભુખમરો વેઠવો પડે તેવી રજુઆત કરેલ છે. પરંતુ તે સંદર્ભે આરોપી તર્ફે આંક–૪૧ થી રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરેલ સર્વે નં.૧૪૭, ૧૦૦૭ ના ગામ નમુના નં.૭, ગામ જુનેદ ના રજુ કરેલા છે જે વંચાણે લેતા તે હાલના આરોપીના નામના હોવાનું જણાય છે પરંતુ ૭/૧૨ માં નામ હોવા માત્રથી આરોપી ખેતી કરે છે તેવું માની શકાય તેમ નથી. વધુમાં આરોપીએ પોતે ખેતી કરતા હોય તે બતાવવા સારુ બીયારણ ખરીદ કરેલ હોય તે અંગેના બીલ, ખેતીનું ઉત્પાદન વેચાણ કરેલ હોય તે અંગેનો કોઈ આધાર પુરાવો કે તેઓના શેઢા પાડોશીઓના સોગંદનામા જેવો એકપણ આધાર પુરાવો રજુ રાખેલ નથી તે સંજોગોમાં આરોપી ખેતી કરતા હોવાનું માની શકાય તેમ નથી. વધુમાં આરોપી તેઓની અરજીના પેરા નં.૬ માં આરોપીને સદરહું કેસમાં સંડોવણી થતા નામદાર ગુજરાત હાઈકોર્ટના જામીન મુકતીના હુકમની શરત અનુસાર રૂપીયા પંદર લાખ જમા કરાવવાના હતા તે સંજોગોમાં તેઓના પુત્ર સહેજાદે કેપ્રી ગ્લોબલ લી. માંથી રૂપીયા છ લાખની લોન મેળવેલ અને જેના દર મહીને રૂપીયા ૧૪૯૧૨/– ચુકવવાના થાય છે, જે રકમની વ્યવસ્થા કરવાની હોય તેમ જણાવે છે અને તેના સમર્થનમાં લોન સેન્કસનના કાગળો રજુ કરેલ છે. પરંતુ સદર

લોનના કાગળ વંચાણે લેતા કહેવાતી લોન સહેજાદ યુસુફ એટલે કે આરોપીના પુત્રએ લીધેલાનું જણાય છે અને તે મુજબ તેના હપ્તા આરોપીના પુત્ર સહેજાદ નાઓએ ભરવાના છે, નહી કે આરોપીએ. તે સંજોગોમાં આરોપીની સદરહું રજુઆતને પણ માની શકાય તેમ નથી. વધુમાં અરજીના પેરા નં.૮ માં આરોપી વિરુધ્ધ ભરુચ એડી.સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં સ્પે.મુ.નં.૫૫/૧૭, આમોદ મુકામે નામદાર કોર્ટમાં ક્રિ.કે.નં.૪૩૨/૧૬, ના કામે નિયમીત હાજર રહેવાનું હોય છે તેવી રજુઆત કરેલ છે પરંતુ તેઓએ આ કામે સ્પે.મુ.નં.૫૫/૧૭, ક્રિ.કે.નં.૪૩૨/૧૬ ના સંદર્ભેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. તે સંજોગોમાં આરોપીની સદર રજુઆત પણ માની શકાય તેમ નથી. વધુમાં વાગરા કોર્ટમાં ક્રિ.કે.નં.૧૩૪૯/૧૬, ક્રિ.ઈન્કવાયરી નં.૮/૧૭ ના કામે હાજર રહેવાનું હોય તેવી રજુઆત કરે છે. ત્યારે એ નોધવુ જરુરી છે કે, વાગરા કોર્ટમાં તેઓની સામે ક્રિ.કે.નં.૧૩૪૧/૧૬ કે જે કેસમાં તેઓએ હાલની આ અરજી આપેલ છે તેમાં તેઓ હાજર રહે છે, તો ક્રિ.કે.નં.૧૩૪૧/૧૬ સાથે તેઓ ક્રિ.કે.નં.૧૩૪૯/૧૬ અને ક્રિ. ઈન્ક.નં.૮/૧૭ ના કામની એક જ તારીખો રખાવી શકે તેમ છે અને અહી એ પણ નોધવુ જરુરી સદર ત્રણેય કામોમાં  છેલ્લા ઘણા સમયથી એક જ તારીખ રાખવામાં આવે છે. તે સંજોગોમાં આરોપીની સદરહું રજુઆતને પણ માની શકાય તેમ નથી. વધુમાં તેઓની અરજીના પેરા નં.૯ માં વાગરા પો.સ્ટે. ગુના રજી. નં.૨૭/૧૭ ના કામે ફરીયાદ નોધાવેલ હોય તે ગુનાના કામે પોલીસને તપાસના કામે સહકાર આપવા વાગરા પો.સ્ટે. જવુ પડે તેમ છે તેમ જણાવે છે પરંતુ તે સંદર્ભે આરોપી તર્ફે આંક–૪૧ થી રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરેલ વાગરા ફ. ગુ.રજી.નં.૨૭/૧૭ ના ગુનાની એફ.આઈ.આર. વંચાણે લેતા તે ગુનો તા.૧૫/૧૨ /૨૦૧૭ ના રોજ નોધાયેલ હોવાનું જણાય છે. ત્યારે આશરે છ માસ જેટલો સમય થઈ ગયેલ હોય સદરહું ગુનાની તપાસ ચાલુમાં હોય તેમ માની શકાય તેમ નથી. વધુમાં તે ગુના સંદર્ભે તપાસ હાલમાં ચાલુ છે તે બતાવવા સારુ આરોપી તર્ફે કોઈ આધાર પુરાવો રેકર્ડ પર

રજુ રાખેલ નથી. તે સંજોગોમાં આરોપીની સદર રજુઆત પણ માની શકાય તેમ નથી. આમ આરોપી તર્ફે રજુઆત કરવામાં આવેલ અરજીને વંચાણે લેતાં તેમાં કોઈ વ્યાજબી કારણો જણાવેલા ના હોય, તે તમામ સંજોગોમાં હાલની આ અરજી મંજુર કરવા પાત્ર જણાતી ના હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીની હાલની આંક–૪૦ વાળી અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૫ મી, માહેઃ જુલાઈ, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**DATE: 25-07-2018**
**PLACE:VAGRA**

**(SAGARKUMAR SHANTILAL PRAJAPATI)**
**JUDICIAL MAGISTRATE FIRST CLASS,**
**VAGRA,**
**CODE NO.GJ01482**